આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૬-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## P.M-કિસાન સન્માન નિધિ યોજના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર વિચરતી જાતિઓ અને સમુદાયોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગઈકાલે મહારાષ્ટ્રના વાશિમમાં લગભગ 23 હજાર 300 કરોડ રૂપિયાની કૃષિ અને પશુપાલન સંબંધિત વિવિધ પહેલ શરૂ કરાવતી વખતે પ્રધાનમંત્રીએ વાશિમના પોહરાદેવી ખાતે બંજારા સમુદાયના સમૃદ્ધ વારસાને દર્શાવતા બંજારા હેરિટેજ મ્યુઝિયમનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

શ્રી મોદીએ 9 કરોડ 40 લાખ ખેડૂતોને અંદાજે 20 હજાર કરોડ રૂપિયાની પ્રધાનમંત્રી-કિસાન સન્માન નિધિનો 18મો હપ્તો જાહેર કર્યો હતો. જે અતંર્ગત દેશભરના 9.4 કરોડથી વધુ ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમનો સીધો નાણાકીય લાભ મળશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

----------------------------------------------------------------------

## P.M-ખાદીનું વિક્રમજનક વેચાણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાદીના નવા વિક્રમજનક વેચાણને પ્રોત્સાહક સિદ્ધિ ગણાવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે દેશવાસીઓમાં સ્વદેશી તરફના પ્રેમની પ્રશંસા કરી હતી. ખાદી ઈન્ડિયાએ રેકોર્ડ વેચાણ હાંસલ કર્યું છે. ગાંધી જયંતિના અવસર પર નવી દિલ્હીના ખાદી ભવનમાં માત્ર એક જ દિવસમાં

2 કરોડ 1 લાખ 37 હજાર રૂપિયાના ઉત્પાદનોનું વેચાણ થયું હતું. શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે આ સિદ્ધિ ખાદી સાથે સંકળાયેલા કારીગરોને પણ ટેકો આપશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## ગૌમાતા પોષણ યોજના

રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આશરે ૨ લાખ ૬૧ હજારથી વધુ પશુઓ માટે ૭૧ કરોડ 26 લાખ રૂપિયાની સહાય ચૂકવી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે રાજ્ય સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં એટલે કે, એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ માટે રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બીજા તબક્કામાં સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઇન અરજી કરી શકે તે માટે આગામી ૧૫ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ ૩૦ રૂપિયા લેખે આર્થિક સહાય આપવામાં આવે છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## પાંચ ભારતીય ભાષાઓને મંજુરી

રાજયભરના  શિક્ષણવિદો અને સંશોધકોએ પાંચ ભારતીય ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવાના કેન્દ્રીય મંત્રીમંડળના તાજેતરનાં નિર્ણયને

આવકાર્યો છે. આકાશવાણી સાથે વાત કરતાં, ગુજરાત વિદ્યાપીઠના ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાના નિયામક ડૉ.દિવ્યેશ ભટ્ટે આ નિર્ણયને બિરદાવતા કહ્યું કે આ નિર્ણયથી સામાન્ય લોકો, શૈક્ષણિક જગત અને બૌદ્ધિક પ્રવૃત્તિઓનું આ ભાષાઓ પ્રત્યે ધ્યાન ખેંચાશે.

ઉલ્લેખનીય છે કે ગત ગુરુવારે મંત્રીમંડળે શાસ્ત્રીય ભાષાઓની યાદીમાં આસામી, બંગાળી, મરાઠી, પાલી અને પ્રાકૃતના સમાવેશને મંજૂરી આપી હતી.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## ફટાકડા વેચાણ માટે પરવાનાની અરજી

આગામી દિવાળી પર્વ, ૨૦૨૪ દરમ્યાન ભુજ શહેર તાલુકામાં એકસપ્લોઝીવ રૂલ્સની જોગવાઈઓ મુજબ ફટાકડા વેચાણ માટે હંગામી પરવાના આપવાના રહે છે. આ માટે જેઓ ભુજ શહેર તાલુકા હેઠળ આવતાં વિસ્તારમાં હંગામી પરવાના મેળવવા ઇચ્છતા હોય તેઓએ મામલતદાર કચેરી, ભુજ ખાતેથી નિયત અરજી ફોર્મ મેળવી, નિયત નમુનાનું સોગંદનામુ,નિયત ફી અને લાયસન્સ ફીના ચલણ સાથેની ધોરણસરની અરજી મામલતદાર કચેરી ભુજ ખાતે તા.૧૫મી ઓક્ટોમ્બર સુધીમાં કચેરી સમય દરમ્યાન જમા કરાવવાની રહેશે તેવુ એક યાદીમાં જણાવાયુ છે.

**(શીતલ વૈશ્નવ/ માહિતી ખાતુ)**

---

## SHE ટીમની કાર્યવાહી

ગાંધીધામ અને અંજારમાં નવરાત્રી મહોત્સવ દરમીયાન કાયદો અને વ્યવસ્થા જળવાય, મહિલાઓને સુરક્ષા મળી રહે તેવા ઉદ્દેશથી રાત્રી દરમિયાન મહિલા પોલીસની SHE ટીમ સાથે પોલીસ તૈનાત રહી કાર્યવાહી કરી રહી છે. જેમાં

ગાંધીધામ અને અંજાર પોલીસે ડ્રીંક એન્ડ ડ્રાઇવ કરતા છ ઇસમો સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

**(શીતલ વૈશ્નવ/NP)**

-------------------------------------------------------------------------

## સુવઈ ખાતે વન્ય સપ્તાહની ઉજવણી

વર્તમાનમાં ચાલી રહેલા વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત રાપર તાલુકાના સુવઈ ખાતે રાપર દક્ષિણ રેન્જ દ્વારા વન્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ડીસીએફનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં વન્ય પ્રાણીઓની રક્ષા કરવા તથા વન્ય જીવન પર આધારિત જુદા જુદા મંતવ્યો રજૂ કર્યા હતા. તદુપરાંત વૃક્ષારોપણ તથા અન્ય વન્ય પ્રાણીને લગતી સમજણ આપવામાં આવી હતી.

**(શીતલ વૈશ્નવ/ NP)**

-------------------------------------------------------------------------